





પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyadnews.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

સાપ્તાહિક

તંત્રીઃ પ્રદિપ રાવલ

સહતંત્રી :મીનાક્ષી રાવલ

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ - 30 ■ અંક - 32 ■ તા. 16-08-2026 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■Email : prdpraval@yahoo.co.uk


16-08-2026-32 Jan Fariyad_New_P-1

# જિલ્લાના પ્રભારી અને રાજ્યના ઊર્જા મંત્રી ઋષિકેશ પટેલે માંડલ ખાતે ધ્વજારોહણ કર્યું



દેશના ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની અમદાવાદ જિલ્લા કક્ષાની ઉજવણી જિલ્લાના પ્રભારી અને રાજ્યના ઊર્જા મંત્રી ઋષિકેશ પટેલના અધ્યક્ષસ્થાને માંડલ ખાતે કરવામાં આવી હતી. માંડલ જિનિંગ મિલ કમ્પાઉન્ડ ખાતે આયોજિત આ કાર્યક્રમમાં ઊર્જામંત્રીના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ઊર્જા મંત્રી ઋષિકેશ પટેલે જિલ્લા કલેક્ટર ભવ્ય વર્મા અને જિલ્લા પોલીસ વડા ઓમપ્રકાશ જાટ સાથે પરેડનું નિરીક્ષણ કર્યું હતું. આ પ્રસંગે વીરમગામના ધારાસભ્ય હાર્દિકભાઈ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી વિદેહ ખરે ઉપસ્થિત રહ્યા હતા.

જિલ્લા કક્ષા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી અંતર્ગત ઊર્જામંત્રીએ જિલ્લા કલેક્ટર ભવ્ય વર્માને રાજ્ય સરકાર તરફથી ?૨૫ લાખની ગ્રાન્ટનો ચેક અર્પણ કર્યો હતો. આ પ્રસંગે અમદાવાદ ગ્રામ્ય પોલીસ દ્વારા તૈયાર કરાયેલા નશામુક્તિ અંગેના માર્ગદર્શક પુસ્તકનું પણ મહાનુભાવોના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. આઝાદીના ૮૦મા પાવન પર્વે જિલ્લા પ્રભારી અને ઊર્જા મંત્રી ઋષિકેશ પટેલે દેશની સ્વતંત્રતા માટે પોતાના પ્રાણ ન્યોછાવર કરનારા અમર શહીદોને આદરપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. અમદાવાદની ઐતિહાસિક ભૂમિને સ્મરીને તેમણે જણાવ્યું કે સાબરમતી આશ્રમ, પૂજ્ય બાપુની ઐતિહાસિક દાંડી કૂચ અને અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની આ કર્મભૂમિ છે. ભારતનું પ્રથમ 'વર્લ્ડ હેરિટેજ સિટી' અમદાવાદ આજે વેપાર, ઉદ્યોગ, શિક્ષણ, રમતગમત અને ટેક્નોલોજીનું વૈશ્વિક કેન્દ્ર બની ચૂક્યું છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દૃષ્ટિવંત નેતૃત્વ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સ્થિર માર્ગદર્શન હેઠળ ગુજરાતે સંવેધાનિક મૂલ્યોને આત્મસાત કરીને સર્વસમાવેશક અને ટકાઉ વિકાસ સાધ્યો છે. વિશ્વની પાંચ સૌથી મોટી અર્થવ્યવસ્થામાં ભારતે મેળવેલા સ્થાનમાં ગુજરાત અને અમદાવાદનો ફાળો મહામૂલો છે તેમ તેમણે ઉમેર્યું હતું. શહેરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કનેક્ટિવિટી ક્ષેત્રે અમદાવાદ-ગાંધીનગર મેટ્રો ફેઝ-૨, બુલેટ ટ્રેન, અમદાવાદ-ધોલેરા એક્સપ્રેસ-વે અને ઓવરબ્રિજ-અંડરપાસ પ્રોજેક્ટ્સથી મુસાફરી સુગમ બની છે. પ્રધાનમંત્રી આવાસ યોજના અને સ્લમ રિડેવલપમેન્ટ યોજના હેઠળ હજારો જરૂરિયાતમંદ પરિવારોનું પોતાના ઘરનું સ્વપ્ન સાકાર થયું છે તેમ તેમણે ઉમેર્યું હતું. સાબરમતી નદી પર વિશ્વસ્તરીય રિવરફ્રન્ટ પર્યાવરણીય સમતુલાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ બન્યો છે એમ જણાવીને તેમણે સાબરમતી રિવરફ્રન્ટ ફેઝ-૨, વસ્ત્રાપુરનું નરસિંહ મહેતા તળાવ તથા સરખેજના શ્રીક્ષેત્ર તળાવના નવીનીકરણનો ઉલ્લેખ કર્યો હતો. આ સાથે જ, નરેન્દ્ર મોદી સ્ટેડિયમ, સરદાર પટેલ સ્પોર્ટ્સ એન્ક્લેવ અને નવા તાલુકા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ તથા આધુનિક કનેક્ટિવિટી અને વર્લ્ડ-ક્લાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે અમદાવાદ 'સ્પોર્ટ્સ કેપિટલ' બની રહ્યું હોવાનું જણાવ્યું હતું. વર્ષ-૨૦૨૯ની પોલીસ એન્ડ ફાયર ગેમ્સ અને વર્ષ-૨૦૩૦ની કોમનવેલ્થ ગેમ્સ માટે ગુજરાત સજ્જ હોવાનો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો. એશિયાની સૌથી મોટી સિવિલ હોસ્પિટલમાં આધુનિક સુવિધાઓ અને ગ્રામીણ વિસ્તારોમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું સુદઢીકરણ કરવામાં આવ્યું છે. જ્યારે 'નમો લક્ષ્મી શિષ્યવૃત્તિ' સહિતની યોજનાઓ અંતર્ગત દીકરીઓને અને વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓને કરોડો રૂપિયાની સહાય તેમના અભ્યાસ માટે ચૂકવાઈ હોવાની માહિતી તેમણે આપી હતી. આ ઉપરાંત, નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (**NEP-2020**) અંતર્ગત ગ્રાન્ટેડ શાળાઓને **ICT** કોમ્પ્યુટર લેબ અને **IIM, CEPT, i-Hub** અને **i-Creatl** જેવી સંસ્થાઓ આ શહેરને 'નોલેજ હબ' તરીકે નવી ઊંચાઈઓ બક્ષે છે તેમ તેમણે ઉમેર્યું હતું. ઔદ્યોગિક ક્રાંતિનો ઉલ્લેખ કરતા તેમણે જણાવ્યું કે ધોલેરા **SIR** ભારતનું પ્રથમ ગ્રીનફિલ્ડ આયોજનબદ્ધ સ્માર્ટ ઈન્ડસ્ટ્રિયલ શહેર અને આગામી ૫૦ વર્ષના ભારતને આકાર આપતું 'ફ્યુચર સિટી' બની રહ્યું છે. જ્યાં રિન્યૂએબલ એનર્જી, સેમિકન્ડક્ટર પ્લાન્ટ્સ, સોલાર પાર્ક અને ધોલેરા આંતરરાષ્ટ્રીય એરપોર્ટના નિર્માણથી હજારો નવી રોજગારી સર્જાશે.

સાણંદ ખાતે માઈક્રોન, સીજી સેમી અને કેઈન્સ જેવા સેમિકન્ડક્ટર પ્લાન્ટ્સ કાર્યરત થયા છે, જ્યારે માંડલ-વિઠલાપુર અને હાંસલપુર ક્લસ્ટર હોન્ડા અને સુઝુકી જેવી વૈશ્વિક કંપનીઓ સાથે વિશ્વનું ઓટોમોબાઈલ ઈકોસિસ્ટમ બન્યું છે. વડાપ્રધાનશ્રીના વિઝનથી ગુજરાત આજે ગ્લોબલ ઈન્ડસ્ટ્રિયલ અને ટેક્નોલોજી હબ બન્યું છે તેમ તેમણે ઉમેર્યું હતું.

પર્યાવરણ અને વિરાસતના જતન અંગે તેમણે ઉમેર્યું કે વડાપ્રધાનશ્રીના 'વિકાસ ભી, વિરાસત ભી'ના વિઝન સાથે લોથલ ખાતે પ્રાચીન દરિયાઈ વેપારની પરંપરાને ઉજાગર કરતું નેશનલ મેરિટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સ અને પર્યાવરણ સંરક્ષણનું ગૌરવ સમાન નળ સરોવર પક્ષી અભયારણ્ય આપણી અમૂલ્ય ધરોહર છે. કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહની પ્રેરણાથી અને 'એક પેડ મા કે નામ' અભિયાન હેઠળ છસ્ઝ દ્વારા ભાડજ ખાતે ૧ કલાકમાં ૩.૬૧ લાખ વૃક્ષો વાવી ગિનીસ વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે. આ ઉપરાંત, સાણંદ, બાવળા, ઘાટલોડિયા સહિત જિલ્લાના અન્ય વિસ્તારોમાં ૬.૮૫ લાખથી વધુ વૃક્ષો, વન વિભાગ દ્વારા લાખો રોપા અને ધોલેરામાં ૬૦૦ હેક્ટરમાં ૧૮ હજારથી વધુ મેન્ગ્રૂવ વૃક્ષોનું વાવેતર કરાયું છે.

જિલ્લામાં વન કવચ મજબૂત કરવા માટે ૧૦૦થી વધુ ઓક્સિજન પાર્ક તૈયાર કરાયા છે. ઔદ્યોગિક વિકાસની સાથે પ્રકૃતિનું સંરક્ષણ કરવું એ જ આપણી સાચી ઓળખ છે તેમ તેમણે કહ્યું હતું.

ગ્રામીણ ઉત્કર્ષ અને સુરક્ષા વ્યવસ્થા અંગે વાત કરતાં મંત્રીશ્રીએ વીબીજી-રામજી યોજના હેઠળ રોજગારી, મહિલા સ્વસહાય જૂથોને ધિરાણ અને તમામ ગામોએ **'ODF Plus'** દરજ્જો મેળવ્યો હોવાનો ઉલ્લેખ કર્યો હતો. નાગરિક સુરક્ષા માટે અમદાવાદ ગ્રામ્ય પોલીસ દ્વારા ઔદ્યોગિક વિસ્તારો માટે **'SEMICON SHIELD'**, સ્માર્ટ પોલીસ સ્ટેશન્સ, માર્ગ સલામતી માટે **'Centre of Excellence fro Road safety and Traffic Management'** જેવી નવીન પહેલ કરાઈ છે. તાજેતરની ભારે વરસાદ અને પૂરની પરિસ્થિતિનો ઉલ્લેખ કરતા જિલ્લા પ્રભારી મંત્રીશ્રીએ રાજ્ય સરકારની કટિબદ્ધતા દર્શાવી હતી કે તંત્ર દ્વારા ૪૪૦૦થી વધુ લોકોનું સુરક્ષિત સ્થળાંતર અને ૩૨૦૦થી વધુ લોકોનું રેસ્ક્યૂ કરાયું હતું. સરવે માટે ૯૮ ટીમો બનાવીને શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં કરોડો રૂપિયાની કેશડોલ, ઘરવખરી તથા મકાન નુકસાની સહાય ચૂકવાઈ છે. દરેક અસરગ્રસ્ત નાગરિક સુધી સહાય પહોંચાડવા તંત્ર પ્રતિબદ્ધ છે. જરૂરિયાતના સમયે રાજ્ય સરકાર અને વહીવટી તંત્ર જિલ્લાના દરેક નાગરિકની પડખે રહેશે એમ તેમણે ઉમેર્યું હતું.

મંત્રીશ્રીએ 'વિકસિત ભારત જ૨૦૪૭'ના સંકલ્પ સાથે શહેર અને ગામડાઓને સ્વચ્છ અને હરિયાળા રાખવા, નાગરિક ફરજોનું નિષ્ઠાપૂર્વક પાલન કરવા અને દેશ-રાજ્યના વિકાસમાં શ્રેષ્ઠ યોગદાન આપવા સૌ નાગરિકોને અનુરોધ કર્યો હતો.

# NIFT ગાંધીનગર દ્વારા ગૌરવ, એકતા અને દેશભક્તિ સાથે ૮૦મો સ્વાતંત્ર્ય દિવસ ઉજવાયો




**NIFT** ગાંધીનગર કેમ્પસ ખાતે ભારતનો ૮૦મો સ્વાતંત્ર્ય દિવસ ખૂબ જ ઉત્સાહ અને દેશભક્તિની ભાવના સાથે ઉજવવામાં આવ્યો. કાર્યક્રમની શરૂઆત વંદે માતરમના સંપૂર્ણ સંસ્કરણના સામૂહિક ગાનથી થઈ. સમગ્ર કેમ્પસ ''વંદે માતરમ'' અને ''ભારત માતા કી જય''ના દેશભક્તિના નારાઓથી ગુંજી ઉઠ્યો અને સૌએ ગૌરવ તથા ઉત્સાહ સાથે યાત્રામાં ભાગ લીધો. ત્યારબાદ દ્વૈંહ્લ ગાંધીનગરના નિયામક પ્રો. ડૉ. સમીર સૂદ દ્વારા રાષ્ટ્રીય ધ્વજ ફરકાવવામાં આવ્યો અને ત્યાર પછી રાષ્ટ્રગાન કરવામાં આવ્યું. આ પ્રસંગે પ્રો. વિશાલ ગુપ્તા, ઝછઝ તથા ★ડૉ. પ્રણવ વોરા, પ્રોફેસર અને સંયુક્ત નિયામક (ઈન્ચાર્જ)★ની ગૌરવપૂર્ણ ઉપસ્થિતિ રહી.

ધ્વજવંદન સમારોહ બાદ એક જીવંત સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું, જેમાં દ્વૈંહ્લના વિદ્યાર્થીઓ દ્વારા શાસ્ત્રીય નૃત્યની સુંદર રજૂઆતો કરવામાં આવી. રંગોળી સ્પર્ધા, ડિજિટલ પોસ્ટર મેકિંગ સ્પર્ધા તથા અન્ય પ્રવૃત્તિઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનારા વિદ્યાર્થીઓને પ્રશંસા પ્રમાણપત્રો પણ એનાયત કરવામાં આવ્યા.

વંદે માતરમના ૧૫૦ વર્ષ પૂર્ણ થવાના અવસર તેમજ હર ઘર તિરંગા અભિયાનના ભાગરૂપે દ્વૈંહ્લ ગાંધીનગર દ્વારા ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું, જેમાં વિદ્યાર્થીઓ, ફેકલ્ટી સભ્યો અને કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો.

પોતાના સંબોધનમાં ડૉ. સમીર સૂદે આ વર્ષના સ્વાતંત્ર્ય દિવસની થીમ ''યુવા શક્તિ ફોર વિકસિત ભારતજ૨૦૪૭'' પર પ્રકાશ પાડ્યો અને રાષ્ટ્રના ભવિષ્યના નિર્માણમાં યુવા નાગરિકોની મહત્વપૂર્ણ ભૂમિકાને રેખાંકિત કરી. તેમણે જણાવ્યું કે છેલ્લા ૮૦ વર્ષોમાં ભારતે વૈશ્વિક મંચ પર એક મજબૂત ઓળખ સ્થાપિત કરી છે અને વિશ્વમાં પોતાનું આગવું સ્થાન બનાવ્યું છે. તેમણે ભારતની નોંધપાત્ર વિકાસયાત્રાને પાંચ શબ્દોમાં વર્ણવી—સક્ષમ, સર્જનાત્મક, સ્પર્ધાત્મક, કનેક્ટેડ અને પ્રતિબદ્ધ.

ભારતની ક્ષમતાઓ પર પ્રકાશ પાડતાં ડૉ. સમીર સૂદે જણાવ્યું કે દેશે વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. ભારત પાસે વિશ્વનું સૌથી મોટું નેટવર્ક છે, જેના માધ્યમથી દર મહિને આશરે ૨,૩૦૦ કરોડ વ્યવહારો થાય છે. ભારત એક વૈશ્વિક વેક્સિન પાવરહાઉસ તરીકે પણ ઉભરી આવ્યું છે અને વિશ્વના વેક્સિન પુરવઠામાં આશરે ૬૦ ટકા યોગદાન આપે છે. તેમણે જણાવ્યું કે ભારત સંરક્ષણ ઉત્પાદન ક્ષેત્રે આત્મનિર્ભર ભારત તરફ સતત આગળ વધી રહ્યું છે અને સંરક્ષણ ઉત્પાદનોની નિકાસ પણ શરૂ કરી છે, જે દેશની વધતી શક્તિ અને ક્ષમતાઓ દર્શાવે છે.

તેમણે વધુમાં જણાવ્યું કે ભારત વિશ્વના સૌથી સર્જનાત્મક દેશોમાંના એક તરીકે ઉભરી આવ્યું છે. ભારતમાં વિશ્વનું ત્રીજું સૌથી મોટું સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ છે અને ૨.૩ લાખથી વધુ નોંધાયેલા સ્ટાર્ટઅપ્સ છે. આ સિદ્ધિઓ દેશમાં સર્જનાત્મકતા, નવીનતા અને ઉદ્યોગસાહસિકતાની વધતી સંસ્કૃતિને દર્શાવે છે. તેમણે ફાર્માસ્યુટિકલ્સ, ઓટોમોબાઈલ અને ટેક્સટાઈલ સહિતના વિવિધ ક્ષેત્રોમાં ભારતની વધતી સ્પર્ધાત્મકતા પર પણ પ્રકાશ પાડ્યો, જેમાં કપાસ, રેશમ અને માનવસર્જિત ફાઈબર્સ વિશેષ મહત્વ ધરાવે છે.

ભારતની કનેક્ટિવિટી અંગે વાત કરતાં ડૉ. સમીર સૂદે જણાવ્યું કે ભારત પાસે વિશ્વનું બીજું સૌથી મોટું રોડ નેટવર્ક અને વિશ્વના સૌથી મોટા મેટ્રો નેટવર્કમાંનું એક છે. દેશના આશરે ૯૯ ટકા રેલવે નેટવર્કનું વીજળીકરણ થઈ ચૂક્યું છે. ભારત વિશ્વના ત્રીજા સૌથી મોટા સ્થાનિક ઉડ્ડયન બજાર તરીકે પણ ઉભરી આવ્યું છે. વિશાળ ઈન્ટરનેટ અને મોબાઈલ વપરાશકર્તા આધાર તથા વિશ્વમાં સૌથી ઓછા ડેટા ખર્ચ ધરાવતા દેશોમાં સ્થાન મેળવવાને કારણે ભારત વિશ્વના સૌથી વધુ કનેક્ટેડ દેશોમાંનું એક બન્યું છે.

તેમણે ભારપૂર્વક જણાવ્યું કે ભારતે પોતાના ભવિષ્ય પ્રત્યે પણ મજબૂત પ્રતિબદ્ધતા દર્શાવી છે. તમામ પેઢીના નાગરિકો ૨૦૪૭ સુધી ભારતને વિકસિત ભારત તરીકે જોવા માટે આશાવાદી છે. તેમણે જણાવ્યું કે આ સામૂહિક પ્રતિબદ્ધતા ભારતની સૌથી મોટી શક્તિઓમાંની એક છે.

ડૉ. સમીર સૂદે સ્વાતંત્ર્ય દિવસની ઉજવણીના મહત્વ પર પ્રકાશ પાડતાં જણાવ્યું કે રાષ્ટ્રીય ગીત વંદે માતરમે ૧૫૦ વર્ષ પૂર્ણ કર્યા છે. તેમણે જણાવ્યું કે વંદે માતરમ ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના સૌથી શકિતશાળી પ્રતીકોમાંનું એક રહ્યું છે અને તે ભારત માતા પ્રત્યેની શ્રદ્ધા, કૃતજ્ઞતા અને સમર્પણની ભાવનાને પ્રતિબિંબિત કરે છે.

ભારતની વિકાસયાત્રા અંગે વાત કરતાં તેમણે ત્રણ મહત્વપૂર્ણ **'E'—Evolution** (વિકાસ/પરિવર્તન), **Employability** (રોજગારક્ષમતા) અને **Entrepreneurship** (ઉદ્યોગસાહસિકતા)★ને દેશના વિકાસના મુખ્ય પ્રેરક પરિબળો ગણાવ્યા. અમેરિકા, દક્ષિણ કોરિયા અને જાપાન જેવા સફળ દેશોના ઉદાહરણો આપતાં તેમણે નવીનતા, સંશોધન અને વિકાસના મહત્વ પર ભાર મૂક્યો. તેમણે જણાવ્યું કે ભારતે માત્ર ઉત્પાદન સુધી મર્યાદિત ન રહેતાં સર્જનાત્મકતા, નવીનતા અને સંશોધન પર વધુ ભાર મૂકવો જોઈએ. આ સંદર્ભમાં તેમણે **NIFT** ગાંધીનગરને સર્જનાત્મક વિચારસરણી અને નવીનતા માટેનું આદર્શ ઈકોસિસ્ટમ ગણાવ્યું.

ડૉ. સમીર સૂદે જણાવ્યું કે ભારતનું વિઝન **"Make in India"**થી **"Design in India"**, ત્યારબાદ **"Innovate in India"** અને અંતે **"Own in India"** તરફ આગળ વધવાનું હોવું જોઈએ. ભારતે માત્ર વિશ્વની ફેક્ટરી બનવાની આકાંક્ષા ન રાખવી જોઈએ, પરંતુ વિશ્વની ડિઝાઈન રાજધાની બનવાનું લક્ષ્ય રાખવું જોઈએ. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે ભારતને વૈશ્વિક નેતૃત્વ તરફ આગળ વધારવામાં નવીનતા, સંશોધન, વિકાસ અને બૌદ્ધિક સંપત્તિની નિર્ણાયક ભૂમિકા રહેશે.

રોજગારક્ષમતા અંગે તેમણે ટેક્સટાઈલ ક્ષેત્રની વિશાળ સંભાવનાઓ પર પ્રકાશ પાડ્યો. તેમણે જણાવ્યું કે આ ક્ષેત્ર આશરે ૪.૫ કરોડ લોકોને સીધો અને અન્ય ૪.૫ કરોડ લોકોને પરોક્ષ રોજગાર આપે છે તથા ભારતના આશરે ૮–૯ ટકા કાર્યબળનો સંબંધ ટેક્સટાઈલ ક્ષેત્ર સાથે છે. તેમણે ટેક્સટાઈલ વ્યવસાયને આશરે ૩૦ અબજ અમેરિકી ડોલરથી વધારીને ૧૦૦ અબજ અમેરિકી ડોલર કરવાનો લક્ષ્યાંક પણ રજૂ કર્યો, જેનાથી રોજગારની મોટી તકો ઊભી થશે અને ૨૦૪૭ સુધી વિકસિત ભારતના વિઝનને સાકાર કરવામાં મદદ મળશે.

ઉદ્યોગસાહસિકતા પર ભાર મૂકતાં ડૉ. સમીર સૂદે ટેક્સટાઈલ ક્ષેત્રની ઊંચી રોજગાર સર્જન ક્ષમતા પર પ્રકાશ પાડ્યો. તેમણે જણાવ્યું કે ટેક્સટાઈલ ક્ષેત્રમાં ?૧ કરોડનું રોકાણ આશરે ૭૦ રોજગારનું સર્જન કરી શકે છે, જ્યારે ઓટોમોબાઈલ ક્ષેત્રમાં એક કે બે, ફાર્માસ્યુટિકલ્સમાં પાંચથી છ અને **IT** ક્ષેત્રમાં સાતથી આઠ રોજગાર ઊભા થાય છે. તેમણે જણાવ્યું કે આ ભારતના આર્થિક વિકાસમાં ટેક્સટાઈલ, ફેશન અને ડિઝાઈન ક્ષેત્રોના મહત્વને દર્શાવે છે.

તેમણે યુવાનોને પોતાના સપનાઓને નવીન વિચારો અને અર્થપૂર્ણ કાર્યમાં પરિવર્તિત કરવા પ્રેરિત કર્યા. તેમણે ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામના સપના, વિચારો અને કાર્યની શક્તિ સાથે જોડાયેલા સંદેશને યાદ કર્યો. તેમણે ભારતની ઐતિહાસિક ટેક્સટાઈલ શક્તિનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે હાલમાં ભારત વૈશ્વિક એપેરલ વ્યવસાયમાં આશરે ૪ ટકા હિસ્સો ધરાવે છે, જ્યારે ઐતિહાસિક રીતે ઈસવીસન પૂર્વેના સમયમાં ભારત વિશ્વના ટેક્સટાઈલ વ્યવસાયના આશરે ૪૦ ટકા હિસ્સા પર નિયંત્રણ ધરાવતું હોવાનું માનવામાં આવે છે. તેમણે જણાવ્યું કે આ ગુમાવેલી ઓળખ અને નેતૃત્વને પુનઃપ્રાપ્ત કરવું ટેક્સટાઈલ, એપેરલ, ફેશન અને ડિઝાઈન ક્ષેત્રોમાં પ્રવેશી રહેલી યુવા

પેઢીની મહત્વપૂર્ણ જવાબદારી રહેશે.

પોતાના સંબોધનના સમાપનમાં ડૉ. સમીર સૂદે જણાવ્યું કે **"Vocal fro Local"** ની સંકલ્પનાને એક પગલું આગળ લઈ જઈ **"Global fro India"** તરફ આગળ વધવાની જરૂર છે. આ માટે એવા ભારતીય બ્રાન્ડ્સનું નિર્માણ કરવું જોઈએ જે વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક અને આંતરરાષ્ટ્રીય સ્તરે ઓળખ ધરાવતા હોય. તેમણે જણાવ્યું કે ભારતે માત્ર વિશ્વની ટેક્સટાઈલ ફેક્ટરી બનવાનું નહીં, પરંતુ નવીનતા, સંશોધન, વિકાસ અને બૌદ્ધિક સંપત્તિના માધ્યમથી વિશ્વનું ટેક્સટાઈલ પાવરહાઉસ બનવાનું લક્ષ્ય રાખવું જોઈએ.

તેમણે યુવાનોને પ્રેરણા આપતાં કહ્યું—''મોટા સપના જુઓ, સર્જનાત્મક રીતે વિચારો, નિર્ભયતાથી નવીનતા કરો, રોજગારનું સર્જન કરો અને વૈશ્વિક બ્રાન્ડ્સ બનાવો.'' તેમણે જણાવ્યું કે ભારતનું ભવિષ્ય યુવાનોના હાથમાં છે અને ભારતને વૈશ્વિક નેતા બનાવવા તેમજ ૨૦૪૭ સુધી વિકસિત ભારતનું લક્ષ્ય પ્રાપ્ત કરવામાં તેમનું યોગદાન અત્યંત મહત્વપૂર્ણ રહેશે.

## રાજ્યમાં ભેળસેળિયાઓ સામે આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાનું કડક વલણ ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા સુરત અને ડીસા ખાતે દરોડા પાડી રૂ.૩૫ લાખથી વધુનો શંકાસ્પદ ઘી તથા ભેળસેલ યુક્તતેલનો જથ્થો જપ્ત

નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતા ભેળસેળિયાઓ સામે રાજ્યના આરોગ્ય મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ કડક કાર્યવાહી કરવા આપેલી સૂચનાના પગલે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર વધુ એક્શન મોડમાં આવ્યું છે. તંત્ર દ્વારા સુરત અને બનાસકાંઠાના ડીસા ખાતે દરોડા પાડીને મોટા પ્રમાણમાં શંકાસ્પદ ઘી તેમજ ભેળસેળ માટે વપરાતા તેલનો જથ્થો સીઝ કરવામાં આવ્યો છે." સુરત ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા કામરેજ તાલુકાના ધોરણ પારડી સ્થિત હિન્દવા ડ્રીમ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં આવેલી 'કેવલ ફૂડ પ્રોડક્ટ' નામની ફેક્ટરી પર દરોડો પાડવામાં આવ્યો હતો. ફેક્ટરીનો માલિક કાયદેસરનું લાયસન્સ ધરાવતો ન હોવા છતાં, બહારથી તાળું મારી અંદર અસલીના નામે નકલી અને ભેળસેળયુક્ત ઘીનું ઉત્પાદન તથા પેકિંગ કરતો હોવાનું બહાર આવ્યું છે. તંત્રની ટીમે સ્થળ પરથી 'શ્રી અનમોલ



રતન કાઉ ઘી' ના વિવિધ પેકિંગમાં રહેલ રૂ.૨૬.૧૨ લાખની કિંમતનો ૫,૧૫૭ લીટર ઘીનો જથ્થો સીઝ કર્યો હતો. સાથોસાથ ભેળસેળ માટે રાખવામાં આવેલ રૂ.૩.૬૩ લાખની કિંમતનું ૧,૪૮૫ કિગ્રા પામોલીન તેલ અને ૨૮૫ કિગ્રા સોયાબીન તેલ પણ જપ્ત કરી તમામના નમૂના લેવામાં આવ્યા હતા. આ ઉપરાંત, પાલનપુર વર્તુળ ટીમે ડીસા ખાતે વિવિધ પેઢીઓમાં દરોડા પાડ્યા હતા. તપાસ દરમિયાન શંકાસ્પદ જણાતા કુલ ૯૮૭ લીટર ઘી (અંદાજિત કિંમત રૂ ૬,૨૨,૨૦૦/-) નો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. આ તમામ કિસ્સાઓમાં 'ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ-૨૦૦૬' હેઠળ કાયદેસરના સેમ્પલ લઈ લેબોરેટરી ચકાસણી અર્થે મોકલાયા છે અને જવાબદારો સામે કડક કાનૂની કાર્યવાહી હાથ ધરાઈ છે.

આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, રાજ્યના નાગરિકોના સ્વાસ્થ્ય સાથે રમત કરનાર કોઈપણ કસૂરવાર કે વેપારી પેઢીને કોઈ પણ સંજોગોમાં બક્ષવામાં આવશે નહીં. આ સાથે જ મંત્રીશ્રીએ ખાતરી આપી હતી કે, ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ કરતા તત્વો સામે ચાલી રહેલી ઝુંબેશને આગામી દિવસોમાં વધુ કડક બનાવવામાં આવશે.

# સ્વાગત એફોર્ડ સોસાયટી, ગાંધીનગર ના રહીશો દ્વારા સ્વાતંત્ર્ય દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી



આ કાર્યક્રમમાં સૌએ ઉપસ્થિત રહીને દેશ પ્રત્યે આદર વ્યકત કર્યો ઉપરાંત આ સ્વાતંત્ર્ય દિન નિમિત્તે ભારત સરકારના મહિલા સશક્તિકરણ સંકલ્પ ને ચરિતાર્થ કરવા માટે સોસાયટી ની તમામ મહિલાઓના વરદ્ હસ્તે ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. દિવ્યાંગ દીકરી કાજલ રાવલ દર વર્ષની જેમ આ વર્ષે પણ ખાસ ઉપસ્થિત રહી હતી. બાળકો માટે ચિત્ર સ્પર્ધા,રમતો દેશભક્તિ ડાન્સ, દેશભક્તિ ગીત જેવી પ્રવૃત્તિઓ નું આયોજન કરવામાં આવ્યું.

# ૧૫મી ઓગસ્ટ એ દેશની આન, બાન, શાન અને આત્મચિંતનનું પર્વ : મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ શ્રી એમ. ડી. ગોહેલ

ગાંધીનગર,

ગાંધીનગરના સેક્ટર-૧૧ સ્થિત રામકથા મેદાન ખાતે આજે ૮૦માં સ્વતંત્રતા પર્વની તાલુકાકક્ષાની હર્ષોલ્લાસ અને દેશભક્તિના માહોલમાં ઉજવણી કરવામાં આવી હતી.

આ રાષ્ટ્રીય પર્વ પ્રસંગે ગાંધીનગરના મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ શ્રી એમ. ડી. ગોહેલના હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવીને ધ્વજવંદન કરવામાં આવ્યું હતું.

પ્રાસંગિક પ્રવચન આપતા ગાંધીનગરના મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ શ્રી એમ. ડી. ગોહેલે જણાવ્યું હતું કે, ૧૫મી ઓગસ્ટ એ દેશની આન, બાન, શાન અને આત્મચિંતનનું પર્વ છે. આજનો દિવસ આનંદ અને ઉત્સવ મનાવવાની સાથે દેશના અમૂલ્ય ભૂતકાળના બલિદાનોને યાદ કરીને ઉજ્જવળ ભવિષ્ય તરફ ડગ માંડવા માટે આત્મમંથન કરવાનો અવસર છે.

તેમણે વધુમાં ઉમેર્યું કે, વર્ષ ૧૮૫૭ના પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામથી લઈને ૧૯૪૭ દરમિયાન દીર્ઘ સંઘર્ષમાં હજારો વીર સપૂતોએ પરિવારનો ત્યાગ કરીને દેશ માટે સર્વોચ્ચ બલિદાન આપ્યું છે. જલિયાંવાલા બાગ હત્યાકાંડ, બારડોલી સત્યાગ્રહ અને દાંડીકૂચ જેવી ઐતિહાસિક ઘટનાઓની સાથે મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલ, ડૉ. બાબાસાહેબ આંબેડકર સહિત શહીદ ભગતસિંહ, સુખદેવ, રાજગુરુ, ચંદ્રશેખર આઝાદ અને અશફાકુલ્લાહ ખાન જેવા અગણિત ક્રાંતિકારીઓ અને રાષ્ટ્રપુરુષોના અમૂલ્ય યોગદાનને કૃતજ્ઞતાપૂર્વક યાદ રાખવું એ આપણા સૌની નૈતિક ફરજ છે.

ભારતીય સંસ્કૃતિના ઉમદા મૂલ્યોને ઉજાગર કરતાં મામલતદારશ્રીએ જણાવ્યું હતું કે, ભારત એ પવિત્ર ભૂમિ છે જેણે સમગ્ર વિશ્વને યુદ્ધ નહીં પણ 'બુદ્ધ'નો શાંતિ સંદેશ અને 'વસુધૈવ કુટુંબકમ'ની ભાવના આપી છે. ૧૯મી સદી બ્રિટનની અને ૨૦મી સદી અમેરિકાની રહી હશે, પરંતુ ૨૧મી સદી નિશ્ચિતપણે ભારતની જ છે. આજે આપણો દેશ શિક્ષણ, કૃષિ, સાહિત્ય તેમજ વિજ્ઞાન અને ટેકનોલોજી જેવા દરેક ક્ષેત્રે અભૂતપૂર્વ પ્રગતિ સાધી રહ્યો છે. **IIT, IIM, ISRO, PRL** જેવી વૈશ્વિક સ્તરની સંસ્થાઓ થકી ભારતે સમગ્ર વિશ્વમાં પોતાની બૌદ્ધિક ક્ષમતા પુરવાર કરી છે. આજે **Google, Microsof** અને **Adobe** જેવી અગ્રણી વૈશ્વિક કંપનીઓનું નેતૃત્વ ભારતીય પ્રતિભાઓ કરી રહી છે, જે સમગ્ર રાષ્ટ્ર માટે અત્યંત ગૌરવની વાત છે.

વર્ષ ૨૦૪૭ સુધીમાં 'વિકસિત ભારત'ના નિર્માણ માટે સંકલ્પબદ્ધ થવા આહ્વાન કરતાં મામલતદાર શ્રી ગોહેલે જણાવ્યું હતું કે, આજે સંરક્ષણ ક્ષેત્રે બ્રહ્મોસ મિસાઈલ, આધુનિક રડાર પ્રણાલી અને લડાકુ વિમાનોના સ્વદેશી નિર્માણ સાથે ભારત ખરા અર્થમાં આત્મનિર્ભર બન્યું છે. આપણે અહિંસા અને શાંતિના પૂજારી હોવા છતાં, દેશની રક્ષા માટે દુશ્મનોને જડબાતોડ જવાબ આપવાનું સંપૂર્ણ સામર્થ્ય પણ ધરાવીએ છીએ. ભારતે વૈશ્વિક સંકટ સમયે રસી પૂરી પાડીને 'વસુધૈવ કુટુંબકમ' અને વિશ્વ શાંતિની ઉદાત્ત ભાવના ચરિતાર્થ કરી છે.

તેમણે સિયાચીન જેવા ગ્લેશિયર્સની હાડ થીજવતી કાતિલ ઠંડીથી લઈને રાજસ્થાનના ધગધગતા રણમાં અવિરત દેશની રક્ષા કરતા સરહદના વીર જવાનોના અપ્રતિમ સાહસ અને ત્યાગને બિરદાવી, તેમના દીર્ઘાયુષ્ય તેમજ સ્વાસ્થ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી. વધુમાં, દેશની એકતા અને અખંડિતતાને અકબંધ રાખવાની સાથે વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને પૂર્ણપણે 'વિકસિત રાષ્ટ્ર' બનાવવા માટે પ્રત્યેક નાગરિક રાષ્ટ્રનિર્માણમાં પોતાનું સક્રિય યોગદાન આપે અને આત્મચિંતન કરે તેવી તેમણે હૃદયપૂર્વક અપીલ કરી હતી.

# સંકલ્પ ફાઉન્ડેશન ભરૂચ ૫ દાતા પરિવારો નું મંત્રીશ્રી ના હસ્તે સન્માન



૮૦ માં સ્વાતંત્ર પર્વની જિલ્લા કક્ષાની ઉજવણી આજરોજ ઝઘડિયા મુકામે રાજ્ય કક્ષાના મંત્રી પ્રફુલભાઈ પાનસેરીયા તથા ભરૂચ જિલ્લાના સાંસદ શ્રી મનસુખભાઈ વસાવા , ધારાસભ્ય શ્રી રમેશભાઈ મિસ્ત્રી , અરુણસિંહ રાણા ,કલેકટરશ્રી તથા અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાઈ હતી . સંકલ્પ ફાઉન્ડેશન ભરૂચ ના માધ્યમ થકી જે પરિવારોએ ચક્ષુદાન , દેહદાન કર્યું હતું એવા ૫ પરિવારો નું આજરોજ રાજ્ય કક્ષાના મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનસેરીયા તથા ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું .




રામપુર ગામના ચોકમાં આવેલી સોમચંદ શેઠની પેઢીનો દબદબો જ અલગ હતો. શેઠ પોતે નીતિ-નિયમના પક્કા અને વ્યવહારમાં કાચ જેવા ચોખ્ખા. પણ એમની પેઢીએ કામ કરતો મગન? મગન એટલે ઉતાવળનો અવતાર! કામમાં હોંશિયાર ખરો, પણ વિચારવામાં સાવ કાચો. ઉતાવળે આંબા પકવવા જતાં વારંવાર મોં ભેર પછાડાવું એ એની જૂની આદત હતી.

એક બપોરે સોમચંદ શેઠે મગનને પાસે બોલાવ્યો. હાથમાં ઘરેણાં અને રોકડ ભરેલી ચમકતી થેલી સોંપતાં શેઠનો સાદ થોડો ગંભીર થયો, "જો મગન, બાજુના ગામે વેપારીને આ અવેજ પહોંચાડવાનો છે. રસ્તો સૂમસામ સીમમાંથી પસાર થાય છે. વાટમાં કોઈ અજાણ્યાનો સંગ ન કરતો, કોઈ મીઠી વાતોથી ભરમાવે તોય ઉભા ન રહેવું અને હા, કોઈના હાથનું પાણી પણ ન પીતો. સીધા રસ્તે જઈને માલ પહોંચાડી પાછા આવવાનું છે."

"અરે શેઠજી! તમે પણ શું વાત કરો છો? આ મગન કાંઈ કાચો પાપડ નથી. તમારી એકેએક વાત મારા મગજમાં કંડારાઈ ગઈ છે," કહેતો મગન થેલી બગલમાં દાબીને હરખાતો-હરખાતો નીકળી પડ્યો. ઝાંપાની બહાર આવતાં જ શેઠની શિખામણ વિસરાઈ ગઈ.

ઝાંપો વટાવી ગામના પાદરેથી પસાર થતો થતો ગામની બહાર નીકળી સૂમસામ રાહ પર ચાલતો હતો ત્યારે જ સામે એક ભાઈસાહેબ મીઠું-મીઠું હસીને સામો મળ્યો. મગન શેઠની શિખામણ ભૂલી અજાણ્યા સાથે વાતોએ ચડ્યો થોડી વાતોના તડાકા માર્યા. પેલાએ કહ્યું આ વડલાના ઝાડ નીચે બેસી નાસ્તો કરીએ. ઘટાદાર વડલાના છાંયડે બેસીને પેલા ઠગે જેવો નાસ્તાનો ડબ્બો ખોલ્યો, મગનના મોંમાં પાણી આવી ગયું. શેઠના બોલ હવામાં ઊડી ગયા. ખાવા-પીવાની મજામાં ઘેન ચડી ગયું. ઘડીક પછી આંખ ખૂલી તો ન હતો પેલો અજાણ્યો માણસ કે ન હતી દાગીનાની થેલી!

મગનના પગ નીચેથી જમીન ખસી ગઈ. છાતી કૂટતો, રોતો-કળકળતો એ સીધો શેઠની પેઢીએ દોડી આવ્યો અને ડૂસકાં ભરતાં બધી વાત કહી.

શેઠે ચશ્મા નીચે ઉતાર્યા, એક ઊંડો નિઃસાસો નાખ્યો અને મગન સામું જોઈને વેધક કટાક્ષમાં બોલ્યા, "વાહ મગન વાહ! તારા જેવા ગુણયલ માટે જ ગામેગામ કહેવત પડી છે કે 'શેઠની શિખામણ ઝાંપા સુધી!' અમે ગામના ઝાંપા સુધી તારા મગજમાં ડહાપણ ઘૂંટી ઘૂંટીને ભર્યું હતું, પણ શું અર્થ સર્યો! મગન નીચું જોઈને ઊભો રહ્યો. એને સમજાઈ ગયું હતું કે વડીલોનો ઉપદેશ જો વર્તનમાં ન ઊતરે, તો માત્ર સાંભળવાનો કોઈ અર્થ સરતો નથી.

# લાઘવિકા - શીર્ષકઃ રાહુલ શું કરે?

ભરત સાંગાણી (અમદાવાદ)

વરસાદની રાતે શહેરની એક મોંઘી હોટલની બહાર રાહુલ ભીંજાતો ઊભો હતો. તેના હાથમાં એક પુરાણું ફોલ્ડર હતું. તેના છેલ્લા ત્રણ વર્ષના કામની તમામ ડિઝાઈન અને આઈડિયા.

અંદરથી તેનો બોસ, વિવેક, બહાર આવ્યો. મોંઘી સિગાર પીતો, ખભે કોટ નાખેલો.

"રાહુલ, તારી આ ડિઝાઈન ક્લાયન્ટને ગમી છે. પણ ક્લાયન્ટે કહ્યું છે કે જો તું સહી કરી દે કે આ આઈડિયા કંપનીના છે, તો હું તને ત્રણ લાખનું બોનસ અને પર્મનેન્ટ પોઝિશન આપીશ."

"સર, આ માટે ત્રણ વર્ષ સુધી રાત-દિવસ મહેનત કરી છે."

વિવેક હસ્યો. "સ્વમાનની વાત કરે છે? કાલે સવારે સુધીમાં જવાબ આપજે. તારી પત્ની વર્ષાની તબિયત પણ સારી નથી રહેતી તેની સારવાર માટે આ તબક્કે શું જરૂરી છે એ તું જાણે છે."

તે રાતે રાહુલ ઘરે પહોંચ્યો ત્યારે નિસ્તેજ વર્ષા પલંગ પર બેઠી હતી. તેના ચહેરા પર દુઃખ અને આશા બંને હતાં.


"રાહુલ તારી ડિઝાઈન કલાઈન્ટને ગમી?" વર્ષાએ પૂછ્યું.

રાહુલ કશું બોલ્યો નહીં.

એકબાજુ જવાબદારી બીજી બાજું સ્વમાન.

રાહુલ બારી બહાર વરસાદમાં તાકી રહ્યો.

ભરત સાંગાણી (અમદાવાદ)




Published and Owned by Pradip Raval and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009. and published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001 Editor -Pradip Raval

16-08-2026-32 Jan Fariyad_New_P-2